**જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ગોધરા/વડોદરા ના**
**સમરી કેસ નં. ૯૬ /૨૦૨૨ હેઠળ હુકમ**

હાલનો ઈલેકટ્રીસિટી ગુનાના કેસ આજ રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં બન્ને પક્ષે સામાધાન અન્વયે મુકવામાં આવેલ છે. જેમાં એમ.જી.વી.સી.એલ. તરફ થી પ્રતિનિધિ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેસ નીકળતા આરોપીનો પ્રથમ ગુન્હો છે અને ફરિયાદી દ્રારા આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બિલ વિગેરેની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, સદર સમરી કેસ ફરીયાદ પક્ષે માંડવાળ કરવા વાંધો નથી. ઈલેકટ્રીસિટી એકટ હેઠળનો ગુનો હોય અને તે મુજબની રજુઆત અત્રે ધ્યાને લેવામાં આવેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

જી.યુ.વી.એન.એલ. ગોધરા/વડોદરા ધ્વારા ગ્રાહક અગર બીન ગ્રાહક ઉપર વીજ ચોરી સબંધે ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩–ની કલમ–૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી. આ કાયદાની કલમ : ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વીજ ચોરીની રકમ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે. જેથી આ કાયદાની કલમ–૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે.

જી. યુ. વી. એન. એલ. ગોધરા/વડોદરા આરોપી ડામરા પુનીબેન રયલાભાઈ સામે ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૩૫–એ હેઠળ વીજ ચોરી અંગેની એફ.આઈ.આર. પ્રથમ બાતમી નંબર : ૮૪૦૫/૨૦૨૧ થી જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ગોધરા વડોદરા ખાતે નોંધાયેલી છે.

ત.ક.અમલદારના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વીજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુન્હો છે.

સબબ ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ તહોમતદાર સામેની કાર્યવાહી આગળ ચલાવવી જરૂર નથી અને આ કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય હાલનો કેસ કોગ્નીઝ લેવાની જરૂરીયાત ન હોય ઉપરોકત હકીકતે કેસ આજરોજ લોકઅદાલતમાં માંડવાળ કરવામાં આવે છે.

તાઃ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ : લોકઅદાલત, લીમખેડા

(પી.પી.પુરોહિત)
સ્પેશીયલ જજ(ઈલેકટ્રીસીટી)
લીમખેડા.
Code -GJ 00685